## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



બી એસ એફ, સી.આર.પી.એફ પોલીસ, ડીઝાસ્ટર મેનેજમેન્ટ...ડ્રોન કેમેરો છુપી પોલીસની તૈયારી થઇ ગઇ છે... આતો ધાર્મીક ફંક્શન છે કે યુદ્ધની તૈયારી ...!!

# ગાંધીનગર નજીક રૂપાલ ગામના વિશ્વ વિખ્યાત વરદાયનિ માતાજી મંદિરનો કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં સમાવશે

**આ મંદિરને આસ્થાના કેન્દ્ર સાથે સાથે પર્યટક સ્થળ તરીકે વિકાસ આ યોજના થકી થશે : અષાઢી બીજે રૂપાલ ગામ ખાતેથી કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે રૂપાલ અને વાસણ ગામના તળાવના બ્યુટિફિકેશન કામનું ખાતમુહૂર્ત કરાશે**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામ ખાતે આવેલા વરદાયનિ માતાજી મંદિરને કેન્દ્ર સરકારની પ્રસાદ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના થકી આ મંદિરનો વિકાસ એક આસ્થા કેન્દ્ર સાથે ટુરિઝમની રીતે આગામી સમયમાં કરવામાં આવશે, તેવું આજરોજ વરદાયનિ માતાજી મંદિરના ટ્રસ્ટી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું.

વરદાયનિ માતાજી મંદિરના ટ્રસ્ટી નિતીનભાઈ પટેલે વધુમાં જણાવ્યું છે કે, રાજયના સપૂત અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન અને સૂચનથી કેન્દ્ર સરકારની પ્રસાદ યોજના હેઠળ આ મંદિરનો વિકાસ કરવામાં આવનાર છે. આ યોજના થકી આ મંદિર ખાતે તેના બ્યુટીફિકેશન, ગાર્ડન, રહેવાની સુવિધા, પાર્કિંગ, ભોજન સહિત તમામ જરૂરિયાતને લક્ષીમાં રાખી વિકાસ કરવામાં આવશે. કેન્દ્ર સરકારની આ યોજના થકી વરદાયનિ માતાજીનું મંદિર દેશભરમાં આસ્થાના કેન્દ્ર સાથે એક



પર્યટક સ્થળ બની રહેશે.

તેમણે અષાઢી બીજના પાવન પર્વે ગામમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં યોજાનાર કામની વિગતો આપતાં જણાવ્યું હતું કે તા. ૧, જુલાઈ, અષાઢી બીજના દિવસે રૂપાલ ગામના તળાવ બ્યુટિફિકેશન કામનું ખાતમુહૂર્ત કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહના હસ્તે થનાર છે. આ સાથે રૂપાલથી નજીક આવેલા અને વાસણિયા મહાદેવથી વિશ્વ વિખ્યાત બનેલા વાસણ ગામના તળાવનું પણ બ્યુટિફિકેશન કાર્યનો આરંભ પણ આ સંકુલમાંથી કેન્દ્રીય મંત્રી કરાવશે.

તેમણે જણાવ્યું હતું કે શ્રી વરદાયિની માતા દેવસ્થાન સંસ્થાન, રૂપાલ દ્વારા કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહનો રજતતુલા સન્માન સમારોહનું પણ તા. ૧ જુલાઈના રોજ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કેન્દ્રીયમંત્રીને દાતાઓ દ્વારા તેમને તેમના વજન જેટલા ચાંદીથી તોલવામાં આવશે. મંત્રી આ તમામ ચાંદી મંદિરમાં દાન સ્વરૂપે અર્પણ કરશે. આ તમામ ચાંદીના રૂપિયા મંદિરના વિકાસ કાર્યમાં ખર્ચે કરવામાં આવશે. હાલમાં દાતાઓ દ્વારા ૧૨૦ કિલોગ્રામ ચાંદી નવ દાતાઓ દ્વારા આપવામાં આવ્યું છે.

તેમણે ઉમેર્યુ હતું કે આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત ગામની આસપાસના વિસ્તારમાં ૭૫ વૃક્ષોનું વાવેતર કરી તેની જાળવણી કરી મોટા કરવાનું ઉમદા કાર્ય પણ કેન્દ્રીય મંત્રીની ઉપસ્થિતિમાં ગ્રામજનો દ્વારા કરવામાં આવશે. તેમજ ગામની વડીલ મહિલાઓ દ્વારા કેન્દ્રીય મંત્રીને આર્શીવાદ પાઠવવામાં આવશે. રૂપાલ ગામ ખાતે ભરાતા પલ્લી મેળાની પ્રતિકૃતિ પલ્લી આપવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

● આજે નિવૃત્તિ દિવસ હોઈ જુદા જુદા સ્થાનો પર વિદાય અને સ્નેહ ભોજનના આયોજન કરાયા છે.

● જિલ્લા પંચાયતમાં આજે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી અને નાયબ ચીટનીસ સંવર્ગના બે તેમજ લેબ.ટેક. કેડરના કર્મચારીઓ વયમર્યાદાને લઈ નિવૃત્ત થઈ રહ્યા છે.

● રૂપાલ ખાતે યોજાનાર ગૃહમંત્રી અમીત શાહના રજત તુલા પ્રસંગે આરોગ્ય, આત્મા અને સ્વચ્છ ભારત મિશનના ખાસ સ્ટોલ ઉભા કરવામાં આવશે.

● રાજ્યના નર્મદા જળ સંપત્તિ વિભાગે ૧૧૨ જેટલા મદદનીશ ઈજનેરોને નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે બઢતી આપતા હુકમો જારી કર્યા છે.

● રાજ્યના મહેસુલ વિભાગે ૩૨ મામલતદારની બદલીના હુકમો જારી કર્યા છે. પાંચ નયાબ મામલતદારોને મામલતદાર તરીકે તેમજ ૪૬ નાયબ મામલતદારોને મામલતદાર સંવર્ગની ફરજો બજાવવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે.

● જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે જિલ્લાકક્ષાની લેન્ડ ગ્રેબીંગ એક્ટ અમલીકરણ સમિતિની બેઠક મળી હતી.

● ચ-૫ સર્કલ નજીક તેમજ ૧૭-૨૨ પાસે પાણીની પાઈપલાઈનની કામગીરી ચાલુ હોવાથી અકસ્માતનો ભય સૌને સતાવી રહ્યો છે.

● આજે પ્રજાપિતા બ્રહ્માકુમારીઝ સે. ૨૮ દ્વારા ૧૪૦૦થી વધુ કોરોના વોરિયર્સનું સન્માન કરવામાં આવશે.

● ગોપાલક વિદ્યાલય સંકુલ સે. ૧૫ ખાતે પર્યાવરણની જાળવણી અંગેના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

● ગાંધીનગર તાલુકા પ્રાથમિક શિક્ષકોની શરાફી મંડળીની આજે એક મહત્વની બેઠક સે. ૭ ખાતે મળશે.

## ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી સભા યોજાઈ



ગાંધીનગર, તા. ૨૯

સહયોગ બિલ્ડિંગ ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘની કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં સ્કાઉટિંગ પ્રવૃત્તિને વેગવંતી બનાવવા માટે અને પ્રવૃત્તિના પ્રચાર પ્રસાર માટેની ચર્ચા થઈ હતી.

આ બેઠકમાં કમિશનર રતિભાઈ સી. જોષી, સ્કાઉટ કમિશનર યુવરાજસિંહ વાઘેલા, ઉપપ્રમુખ સંતોકબેન ચૌધરી, મહામંત્રી અંજનાબેન ચૌધરી, એક્તાસિંગ ધીરજબા ચૌહાણ, કમલેશ રાવલ વગેરે હોદ્દેદારો હાજર રહ્યા હતા.

# બિનવારસી હાલતમાં મળેલા મનોદિવ્યાંગ યુવાનનો પરિવારજનો સાથે મેળાપ કરાવતી પોલીસ

**વાસણા હડમતિયાના નીલકંઠ મહાદેવ પાસેથી મધરાતે મળી આવેલા માનસિક અસ્થિર યુવાનના પરિવાતજનોને સે.૭ પોલીસે ગણતરીના સમયમાં શોધી કાઢ્યાં : પોલીસની પ્રસંશનીય કામગીરી**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર નજીક સરગાસણ ખાતે આવેલા વાસણા હડમતિયાના નીલકંઠ મહાદેવ પાસે ગઈ મોડીરાત્રે એક બિનવારસી માનસિક રીતે સાધારણ મનોદિવ્યાંગ જણાતો યુવાન સેકટર-૭ પોલીસને મળી આવ્યો હતો. પોલીસ દ્વારા આ અંગે ત્વરિત કામગીરી કરી યુવાનના પરિવારજનોને શોધીને તેમને સોંપવામાં આવતા પરિવારજનો ગદગદિત થઈ ગયા હતાં.

ગાંધીનગરના સેકટર-૭ પોલીસ મથકના પોલીસ સબ ઈન્સ્પેક્ટર એ. આઈ. મૂલિયાણા અને દિલીપસિંહ મહોતજી, અ. પો. કો. નિરવ કુમાર દશરથભાઈ, વિજયસિંહ ગુલાબસિંહ, અનિલભાઈ કાળાભાઈ વગેરે ગઈ કાલે જ્યારે પોતાની ફરજ ઉપર હતા તે દરમિયાન મધ્યરાત્રીએ પીસીઆર વાન એક માનસિક રીતે સાધારણ



મનોદિવ્યાંગ જણાતાં યુવાનને લઈને આવી હતી. નીલકંઠ મહાદેવના મંદિર પાસેથી મળી આવેલા આ યુવાનને તેનું નામ-સરનામું પૂછતા દરેક વખતે તે અલગ અલગ વિગતો આપતો હોવાથી પોલીસને તે માનસિક રીતે વિશિષ્ટ હોવાની પ્રતીતિ થઈ હતી. જોકે પોલીસ દ્વારા વિવિધ યુક્તિ-પ્રયુક્તિ અને લાંબા સમયની જહેમત બાદ એક નવો પ્રયોગ કરવામાં આવ્યો હતો જેમાં યુવાનને મોબાઈલ ફોન આપીને તેના ઘરનો નંબર ડાયલ કરવા જણાવાયું હતું. યુવાને વિવિધ અધુરાં અલગ અલગ નંબરો ડાયલ કર્યા હતાં જે પૈકી એક નંબર સાચો લાગી જતાં તે યુવાનના પરિવારજનોનો સંપર્ક થયો હતો અને પોલીસની આ ટીમને સફળતા પ્રાપ્ત થઈ હતી. પોલીસને મળી આવેલ બિનવારસી સામાન્ય અસ્થિર મગજના યુવાનનું નામ ઋત્વિકભાઈ ખેમચંદભાઈ પંચાલ છે અને ગણતરીના સમયમાં પોલીસે તેના પરિવાર સાથે તેનો મેળાપ કરાવતા યુવાનના પરિવારજનો ગદગદિત થયાં હતા અને તેમણે પોલીસનો આભાર માન્યો હતો. પોલીસની આ ટીમે પણ યુવાનનું ઓળખનું જરૂરી વેરિફિકેશન કરીને યુવાનને પરિવારજનોને સોંપવા સાથે એક સારૂ કાર્ય કર્યાનો સંતોષ માનીને રાહતનો શ્વાસ લઈને લીધો હતો.

**આખો પરિવાર સવારથી શોધખોળ કરતો હતો**

પોલીસને મળી આવેલા યુવાનોના પરિવારપજનો પૈકી અમદાવાદના ચાંદલોડિયા ખાતે રહેતા આ યુવાનના ભાઈ અલ્પેશભાઈ ખેમચંદભાઈ પંચાલને પોલીસે રાત્રેને રાત્રે જ સેક્ટર-૭ પોલીસ મથક ખાતે બોલાવીને મળી આવેલાં યુવાન સાથે ઓળખવિધિ કરાવતા તે પોતાના મોટાભાઈ ઋત્વિકભાઈ ખેમચંદભાઈ પંચાલ (ઉં. વ. ૨૨) હોવાનું જણાવ્યું હતું અને તેઓ સામાન્ય અસ્થિર મગજના હોવાને કારણે આ રીતે અવારનવાર ઘરેથી નીકળી જાય છે. ગઈ કાલે મંગળવારે પણ સવારના ઘરેથી કોઈને કહ્યાં વગર નીકળી ગયાં હતા જેથી આખો પરિવાર સવારથી તેમની શોધખોળ કરતો હતો.



ઈન્ફોસીટીથી રીલાયન્સ ચોકડી જવાના માર્ગે વચ્ચોવચ લાઈટનો થાંભલો પડી ગયો છે. અકસ્માત સર્જાય તે પહેલા તેને અહીંથી દૂર કરવો જરૂરી છે.



ખ-રોડ પર પાણીનું ટેન્કર રોડ પર ઉભું હતું ત્યારે અચાનક જ એક બાઈકચાલક બંધ પડેલા ટેન્કરની પાછળ ઘુસી ગયો હતો. આ અકસ્માતમાં બાઈકચાલકને ગંભીર ઈજાઓ થઈ હતી.

# શહેરમાં નાત-જાત-ધર્મના ભેદભાવ ભુલીને રથયાત્રાનું સ્વાગત કરાશે

**રથયાત્રા એકતા સમિતિની બેઠકમાં તમામ સમાજે ખાતરી આપી**

ગાંધીનગર.તા.૨૯

ગાંધીનગરમાં આગામી તા.૧લી જુલાઈ શુક્રવારે અષાઢી બીજના પવિત્ર દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રા યોજાશે. આ પ્રસંગને અનુલક્ષીને યોજાયેલી રથયાત્રા એકતા સમિતિની બેઠકમાં ભગવાન જ્યારે શહેરમાં પરિભ્રમણ કરશે ત્યારે નાત,જાત, ધર્મ વગેરે ભેદભાવ ભૂલીને સૌ કોઈ ભગવાનનું સ્વાગત કરશે તેવી ખાતરી બેઠકમાં ઉપસ્થિત અગ્રણી નાગરિકોએ આપી હતી. સેક્ટર-૨૧ પોલીસ મથકના પીઆઇ ભરવાડની અધ્યક્ષતામાં યોજાયેલી એકતા સમિતિની બેઠકમાં પંચદેવ યુવક મંડળના શર્માજી અને પંડ્યાજી ઉપરાંત બૈતુલમાલ સમિતિના પ્રમુખ યુનુસ પરમાર મુસ્લિમ બિરાદરો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં. આ બેઠકમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, કિશોર જીકાદરા, સુધીર દેસાઈ, નિસર્ગ બુચ સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહી જોડાયાં હતા. રથયાત્રા તેના પરંપરાગત રૂટ પર જ ભ્રમણ કરશે અને જરૂર પડે વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરશે પરંતુ મોટે ભાગે અગાઉથી નિયત રૂટ પર ભ્રમણ કરશે તેવી સભ્યો દ્વારા જાણકારી આપવામાં આવી હતી. શહેરના મુસ્લિમ બિરાદરોએ રથયાત્રાનું સ્વાગત સેક્ટર-૨૯ અને સેક્ટર-૨૮ ખાતે કરશે અને જલારામ ધામ મંદિરે મોસાળે વિશ્રામ લઈને રથયાત્રા આગળ વધશે તેવી પણ જાણકારી આપવામાં આવી હતી. પીઆઈ ભરવાડે પણ પોલીસ દ્વારા સહકારની ખાતરી આપવામાં આવી હતી.

**જાહેર નિવિદા.૫ સને. ૨૦૨૨-૨૩**

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, સચિવાલય સંકુલ વિદ્યુત પેટા વિભાગ નં.૨, વિજ સબસ્ટેશન, વિધાનસભા, નવા સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ટે.નં. ૨૩૨ ૫૯૪૬૯/૭૦) દ્વારા વિજળીકરણ લગતા કામ નં. ૧ અને ૪ જેની અંદાજિત કિંમત રૂ. ૩૪,૬૬૬.૦૦ થી રૂ. ૯૯,૮૩૭.૦૦ છે.

જે માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી થયેલ વિદ્યુત પરવાના ધરાવતા ઠેકેદારો અથવા જે તે કામના નિષ્ણાંત અને અનુભવી ઠેકેદારો પાસેથી ટેન્ડરો મંગાવામાં આવે છે. આ પૈકી ક્ર. ૧ કામના કોરા ટેન્ડર આપવાની છેલ્લી તા. ૨૪/૬/૨૦૨૨ (સમય ૧૬.૦૦ કલાક) સુધી છે. ભરેલ ટેન્ડરો રજી.પો.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત મેળવવાની છેલ્લી તા. ૪/૭/૨૦૨૨ કચેરી સમય સુધી છે શક્ય હશે તો ટેન્ડર પરત મળ્યાના બીજે દિવસે બપોરે ૧૨.૦૦ કલાકે હાજર રહેલ કોન્ટ્રાક્ટરોની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે.

માહિતી/૬૫૦/૨૨-૨૩

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ**
**જાહેર નિવિદા**

(બીજો પ્રયત્ન)

જલ સેવા ભવન, ગાંધીનગર ખાતે મરામત અને નિભાવણી અંતર્ગત લીફ્ટના મરામત અને નિભાવણીનું ૨૪ માસ માટેનું કોમ્પ્રીહેન્સીવ આધારીત કામ માટે સરકાર માન્ય રજીસ્ટ્રેશન, લાઈસન્સ તથા અનુભવ ધરાવતી એજન્સી પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની અંદાજીત કિંમત રૂ. ૨.૧૫ લાખ થવા જાય છે. ટેન્ડર ફી રૂ. ૬૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૮/૭/૨૦૨૨ (કચેરી સમય દરમિયાન) સુધીમાં ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મરામત અને નિભાવણી શાખા, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, 'જલસેવા ભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૧૬/૭/૨૦૨૨ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે તથા કવર પર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.

માહિતી/૭૪૭/૨૨-૨૩

# રાજયમાં રથયાત્રા દરમ્યાન કાયદો વ્યવસ્થાની સ્થિતીની સર્વગ્રાહી સમીક્ષા

ગાંધીનગર.તા.૨૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આગામી અષાઢી બીજ તા.૧ લી જુલાઈએ અમદાવાદમાં યોજાનારી ૧૪૫ મી જગન્નાથ રથયાત્રા સહિત રાજ્યભરમાં યોજાનારી રથયાત્રા સલામત, સુરક્ષિત અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાય તે માટે પોલીસતંત્રની સતર્કતાની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. રાજ્યના ૪ મહાનગરોના પોલીસ કમિશનરો તથા તમામ જિલ્લાના પોલીસ અધિક્ષકો સાથે આ સંદર્ભમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતીમાં યોજાયેલી વિડીયો કોન્ફરન્સમાં મુખ્યમંત્રીશ્રી સહભાગી થયા હતા.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, પોલીસ મહાનિદેશક શ્રી આશિષ ભાટિયા તથા અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ અને વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રીએ પોલીસ તંત્ર અને જિલ્લા-નગરોના વહિવટી તંત્રો દ્વારા હાથ ધરવામાં આવેલા સુરક્ષા, કાયદો વ્યવસ્થાની જાળવણી, રથયાત્રામાં જોડાનારા ભાવિકોને પાણી-ભોજન-પ્રસાદની સગવડ વગેરે અંગે ઝિણવટપૂર્વક વિગતો મેળવી હતી. તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, કોરોના સંક્રમણના કારણે ગત વર્ષે આ યાત્રા મર્યાદિતપણે યોજાઈ હતી પરંતુ આ વર્ષની રથયાત્રા જનસહયોગથી ઉમંગ-ઉત્સવના વાતાવરણમાં યોજાય અને તેમાં કોઈ જ અનિચ્છનીય ઘટના કે બનાવ ન બને તે માટે સંબંધિત તંત્ર સંપૂર્ણ સતર્ક અને સચેત છે. ગુજરાતમાં કોમી એખલાસ અને સૌહાર્દભર્યા વાતાવરણમાં પાછલા બે દશકથી આ પરંપરાગત જગન્નાથ રથયાત્રા યોજાય છે તે આ વર્ષે પણ એ જ ઉલ્લાસ-ઉમંગ સૌહાર્દથી પાર પડે તે માટે તેમણે શ્રી ભૂપેન્દ્ર પટેલે વિડીયો કોન્ફરન્સ બેઠકમાં માર્ગદર્શન આપીને જરૂરી સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીશ્રી તાજેતરમાં પડોશી રાજ્યમાં બનેલી ઘટનાઓના પરિપ્રેક્ષ્યમાં ગુજરાતમાં પણ કાયદો વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતી જળવાઈ રહે તેની સતર્કતા માટે પણ સૂચનો કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યભરમાં લાખો નાગરિકોની શ્રદ્ધા-આસ્થા ભક્તિ આ પરંપરાગત રથયાત્રા સાથે જોડાયેલા છે અને દરવર્ષે સૌ સંવાદિતાથી યાત્રામાં સહભાગી થાય છે. ગુજરાતની શાંત-સલામત-સુરક્ષિત રાજ્યની આ છબિને વધુ સુદ્રઢ અને સંગીન કરવા આ વર્ષની જગન્નાથ રથયાત્રા વધુ પ્રેરણારૂપ બને તે માટે પણ મુખ્યમંત્રીશ્રીએ માર્ગદર્શન આપ્યું હતું. ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ વર્ષની રથયાત્રામાં ૨૫ હજારથી વધુ પોલીસ અને સુરક્ષા કર્મીઓ બંદોબસ્તમાં જોડાવાના છે તેની વિગતો આપી હતી રથયાત્રાના રૂટ ઉપર રિયલ ટાઈમ મોનિટરીંગ, ડ્રોનના ઉપયોગથી સમગ્ર રથયાત્રા પર નિગરાની જેવા ટેક્નોલોજીયુકત સુરક્ષા ઉપાયો પણ આ વર્ષની રથયાત્રામાં જોડવામાં આવ્યા છે તેની પણ મુખ્યમંત્રીશ્રીએ તલસ્પર્શી માહિતી મેળવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે શ્રદ્ધા-આસ્થા સાથે વ્યવસ્થાના સુભગ સમન્વયથી આ વર્ષની રથયાત્રા સમગ્ર રાજ્યમાં એખલાસ-ઉલ્લાસ અને ઉમંગના વાતાવરણમાં જનસહયોગથી સાકાર થશે તેવો વિશ્વાસ દર્શાવ્યો હતો.

## દિલ્હીના ગુજરાતી ચિત્રકાર શૈલેષ સંઘવીને રાજા રવિ વર્મા સન્માન એનાયત થયું

ગાંધીનગર,તા.૨૯

રાજધાનીમાં પોતાની આગવી ચિત્રકળા શૈલી માટે જાણીતા શૈલેષ સંઘવીને કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી જી. ક્રિષ્નન રેડ્ડીના હસ્તે રાજા રવિ વર્મા સન્માન એનાયત થયું. સંસ્કૃતિ મંત્રાલયના સહયોગથી મેઘમંડળ સંસ્થાન બાડમેર દ્વારા દિલ્હી પોલીસ મુખ્યાલય ખાતેના આદર્શ હોલમાં મંગળવારે સાંજે યોજાયેલ 'ચિત્રાંજલિ' સમારોહમાં શ્રી સંઘવીને આ બહુમાન અર્પણ કરાયું હતું. આ પ્રસંગે ત્રિપુરાના ભૂતપૂર્વ રાજ્યપાલ પ્રો. કપ્તાનસિંહ સોલંકી, દિલ્હી પોલીસ કમિશ્નર રાકેશ અસ્થાના, જાણીતાં નૃત્યાંગના અને રાજ્યસભા સંસદસદસ્ય ડૉ. સોનલ માનસિંહ, રાજા રવિ વર્માના વંશજ રામવર્મા થમપુરણ, મેઘમંડળનાં વિમલેશ બ્રીજવાળ વગેરે મહાનુભાવો ઉપસ્થિત હતા. ભારતીય ચિત્રકલામાં રાજા રવિ વર્માનું ઘણું નોંધપાત્ર પ્રદાન રહ્યું છે. દેવી-દેવતાઓ અને પુરાણ આધારિત એમનાં ચિત્રો વિશ્વભરમાં પ્રસિદ્ધિ પામ્યાં છે. એમની ૧૭૪મી જન્મજયંતિ અને આઝાદીના અમૃતમહોત્સવની ઉજવણીના અવસરે યોજાયેલા આ વિશિષ્ઠ સમારોહમાં દેશના અન્ય વિલક્ષણ ચિત્રકારો અને દિલ્હીની વિદ્યાલયોના બાળ-ચિત્રકારોને સન્માનિત કરાયાં હતાં. દિલ્હીમાં ઘણા ખ્યાતનામ ગુજરાતી ચિત્રકાર, પેઈન્ટરો છે જેઓ પોતપોતાની વિલક્ષણ ચિત્રશૈલી માટે જાણીતા છે એમાં શ્રી શૈલષ સંઘવી પોતાની મ્યુરલ, એબ્સ્ટ્રેક્ટ અને મલ્ટીમીડિયા કલાકૃતિઓ અને જેમાં બનારસ થીમ વિશિષ્ટતા માટે જાણીતા છે. અગાઉ તેમણે બનારસ થીમની એક પ્રતિકૃતિ અમિતાભ બચ્ચનને ભેટ કરી હતી. પાછલાં વર્ષોમાં શ્રી સંઘવીએ દિલ્હીમાં અનેક ચિત્ર પ્રદર્શનો કર્યા છે. એમને એનાયત થયેલ રાજા રવિ વર્મા સન્માન દિલ્હીના ગુજરાતીઓ માટે ગૌરવરૂપ ઘટના છે.

**GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY**
Department of Science and Technology, Govt. of Gujarat
Block - B, 7th Floor, M.S. Building, Sector-11,
Gandhinagar, Gujarat-382011
Email : info-gujcost@gujarat.gov.in
Website : https://gujcost.gujarat.gov.in/

**Request for Proposal for selection of Design and Technical Agency (DTA) for Preparation of Detailed Design of bulding, exhibits, theming and Construction Supervision of Regional Science Centre at Vadodara, Gujarat**

Gujarat Council on Science and Technology (GUJCOST), working under the aegis of the Department of Science and Technology, Govt. of Gujarat, invites interested bidders to particiapte in the competitive bidding process for selection of DTA for preparation of detailed design of Building, exhibit, theming and construction supervision for Regional Science Centre at Vadodara, Gujarat.

The RFP document can be downloded fromany following **website :- https:/www.nprocure.com, www.gujcost.gujarat.gov.in.** The last date for submission of online Bid is 15th July 2022. GUJCOST reserves the right to accept / reject any / all Tender without assigning any reason. Other terms and conditions are mentioned in the tender document.

**Date : 22/6/2022** **Advisor & Member Secretary**
**INF/699/22-23** **GUJCOST**

વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો